

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*છે અલગ કાટલાં, અહીં 'દેશદ્રોહ' તોલાય છે,*
*પણ કાશ્મીરમાં તો ચૌરે-ચૌટે સૂત્રો બોલાય છે,*
*ફોલાય ફીફાં, ચાવે ગારા, છોલાય જૂતા મુફતી કને -*
*દેશદ્રોહીઓ માટે અબજોનાં પેકેજ ખોલાય છે!!*

હાઈકુ

| | |
|---|---|
| *બીસીસીઆઈ* | *પેલાં કુધા'તતતા!* |
| *લ્યો! આવી ગઈ ચણા -* | *(હવે) સ્વીકારી લ્યો શરણ -* |
| *લોઢા સમિતિ...* | *આંખ મીંચીને...* |
| *(અહેવાલ અસ્વીકૃત)* | *(સમાધાન સળવળાટ)* |

### ચિંતન

**ચિર પરિતાનિનાં ત્યાગો દુષ્કરઃ ॥**

'તદ્દન નજીકના-સ્નેહી-સંબંધી-મિત્રો સ્નેહનો અનાદર-વિરહ થવો પણઅતિ જ દુષ્કર હોય છે.'

'ચાણક્યનીતિ'ના આ સૂત્રમાં ચાણક્ય સલાહ આપે છે કે તદ્દન નજીકના સમસંવેદન હૃદય ધરાવનાર મિત્ર-સ્નેહીનો તદ્દન અનાદર કરવો નહીં.

ઘણીવાર લોકો (પતિ-પત્ની, સગાં-સ્નેહીઓ-મિત્રોનો સ્વભાવ એવો હોય છે કે નાની નાની વાતમાં ખોટું લાગી જાય છે. વળી કેટલાંક લોકો મનમાં ઈચ્છા 'હકાર'ની હોય છતાં પહેલી તો 'ના' પાડી વિરોધ જ કરે છે. આવા તાત્કાલિક આઘાત આપનાર 'નનૈયા' થી સામેની વ્યક્તિનું હૃદય-દિલ-મન-ચિત્ત ભાંગી જાય છે. હતાશાથી દુઃખ અનુભવે છે.

ભેટ નાની-મોટી હોય, આમંત્રણમાં ઉષ્મા હોય ન હોય, પણ કદીય ચિરપરિચિતનો અનાદર ન કરવો જોઈએ.

### સુવિચાર

- એક સાંધો અને તેર તૂટે તે ઝિંદગી છે, એક સાંધો ત્યાં બધું જ સંધાય એ બંદગી છે - **જન કલ્યાણ**
- સમાધાન એ છત્રીરુપ જરુર બની શકે છે પણ એ કદી છત બની શકતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જે વ્યક્તિ મનથી માની લે ચાલે તે મનનો રાજા કહેવાય પણ, જે વ્યક્તિ હૃદયથી વિચારીને ચાલે તે વિશ્વનો રાજા કહેવાય - **જ્ઞાનસૂત્ર**
- આખું ને આખું હૃદય બદલાવી દેવાની બાબતમાં ભળે વિજ્ઞાને સફળતા મેળવી પણ, એ હૃદયમાં રહેલી કડવાશ ને મિઠાશમાં ફેરવી નાખવાની સફળથાનો યશ તો ધર્મને ફાળે જ જાય છે - **મોરારિ બાપુ**
- પરમાત્માને જે દિલ આપે છે... પરમાત્મા એને દિલ દઈને આપે છે - **આચાર્ય જીનસૂરીશ્વરજી**
- સંબંધોમાં તમને છેતરી શકે તેવી વ્યક્તિને ન ઓળખી શકો તો વાંધો નહીં પણ, તમને જે સમજી શકે તેવી વ્યક્તિને ન ઓળખી શકો તો એ તમારી કમનસીબી કહેવાય છે - **માનસસૂત્ર**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

કેટલાકો એવી સંકુચિત વિચારશ્રેણી વાળાં હોય છે કે પોતાનાં જ્ઞાન વર્તુળને સંપૂર્ણ 'જ્ઞાન' સમજે છે. પોતાની માન્યતાઓ-અનુમાનો-સત્યો એ જ જ્ઞાન અને સત્યની સીમા સમજે છે કોઈ એને સત્ય સમજાવવા પ્રયત્ન કરે તો તેને જ મૂર્ખ સમજે છે.

સંધ્યા ઢળી ગઈ. ચામાચીડિયું બખોલમાંથી બહાર આવી ડાળી પર બેઠું. મેનાએ તરત કહ્યું, ભાઈ! આજે તો સૂર્યોદય અને સૂર્યાસ્ત કેવા રંગીલા અને આકર્ષક હતા નહીં?!

ચામાચીડિયું કઈ સમજ્યું નહીં. કહ્યું સૂર્યોદય શું અને સૂર્યાસ્ત કોને કહેવાય? એવું કંઈ હોતું નથી. નાહક રંગ-રંગીલાની વાત ન કર - અમે વર્ષોથી અહીં રહીએ છીએ એવું કંઈ કદી જોયુ નથી.

મેનાએ તેને સમજાવવા પ્રયત્ન કર્યો. સમજ્યું નહીં.

બાજુમાં પોપટ બેઠો હતો. કેટલાક લોકો સંકુચિત દૃષ્ટિકોણ વાળા હોય છે. એને સત્ય સમજવામાં રસ હોતો નથી.

## ગણતરીપૂર્વકની પસંદગી

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના નવા સૂત્રધાર તરીકે સૌરાષ્ટ્રના નેતા વિજયભાઈ રૂપાણી પર કળશ ઢોળાયો છે ત્યારે આ નિર્ણય પાછળ પાર્ટીએ કરેલી મથામણ નજરઅંદાજ થઈ શકે એમ નથી. ગુજરાત એ ભારતીય જનતા પાર્ટી માટે એની પ્રગતિની પારાશીશી જેવું રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીના સૌથી વરિષ્ઠ નેતાઓ ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર અને સંસદીય ક્ષેત્ર બનાવતા રહ્યા છે. પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી અને નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી ઉપરાંત વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા નાણામંત્રી અરૂણ જેટલી જેવા નેતાઓ દેશને ગુજરાતે ભેટ ધર્યા છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ગુજરાતે અગાઉ કોંગ્રેસના મોટા નેતાઓ પણ ઉછેર્યા છે. દેશના નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ અને પ્રથમ લોકસભા-અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવળંકરથી લઈ કોંગ્રેસ વિરુદ્ધ તમામ લોકશાહી પરિબળોનું સંગઠન રચી પ્રથમ બિનકોંગ્રેસી સરકારનું નેતૃત્વ કરનારા મોરારજી દેસાઈ ગુજરાતની જ દેણ હતા. છેલ્લા અઢી દાયકાથી ગુજરાતનું વિકસતું રહેલું હિંદુત્વવાદી માનસ કોંગ્રેસની બિનસાંપ્રદાયિક નીતિ સામે ભારતીય જનતા પાર્ટીને સમર્થન આપતું રહ્યું છે. છતાં,અહીં જ્ઞાતિવાદી પરિબળોનું પૂરતું જોર છે, એનો અંદાજ ગત વર્ષે યોજાયેલ ગત વર્ષે યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનાં પરિણામોએ બતાવી દીધો છે. આથી પ્રદેશનું ભાજપ એકમ તથા આનંદીબેન પટેલના વડપણ હેઠળની સરકાર દેખીતી રીતે જ આગામી વર્ષે યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણીના મુદ્દે વધુ સાવચેત બની ગયેલ છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય નેતૃત્વ માટે પણ આ પ્રતિષ્ઠાનો જંગ બની રહેવાનો છે. 'હવેલી લેતા ગુજરાત ન ખોવી પડે,' એની પૂરી તકેદારી વડાપ્રધાન અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાખે જ - તે સમજી શકાય એમ છે. ઘણા વખતથી મૂર્ચ્છાવસ્થામાં સરી પડેલ કોંગ્રેસ પંચાયતોના પરિણામો પછી ઉત્સાહમાં આવી છે. વળી પાટીદાર આંદોલનને પગલે અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટીની 'વૉટ બેંક' બની રહેલ પાટીદાર સમાજની ચાલ પણ બદલાઈ છે તો સામે ઓબોસીને સંગઠિત કરવા માટેના પ્રયાસો પણ ચાલુ થયા છે. ઠાકોર ક્ષત્રિય સેના આગામી ચૂંટણીમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે એમાં શંકાને સ્થાન નથી. પાટીદાર વોટબેંક સાચવી લેવાની મથામણ અનેક સ્તરે ચાલી રહી હોવા છતાં એ પૂરેપૂરી સચવાઈ રહેશે કે કેમ એ મુદ્દે ભાજપ ભારે મૂંઝવણમાં છે. તેથી આગામી ચૂંટણીમાં પાટીદાર અને ઓબીસી - બેઉને સાચવી શકે એવા તટસ્થ સૂત્રધાર તરીકે વિજય રૂપાણી પર પસંદગી ઉતારાઈ છે. રૂપાણી રાજકોટના છે, એથી સૌરાષ્ટ્ર પણ સચવાઈ ગયું છે. કોંગ્રેસે પણ આવી જ ફોર્મ્યુલા અંતર્ગત અગાઉ નટવરલાલ શાહ, પ્રબોધ રાવળ કે રતુભાઈ અદાણી જેવા ઉજળિયાત વર્ણના અગ્રણીઓનો પ્રદેશ સંગઠનના કર્તાહર્તા તરીકે ઉપયોગ કરેલો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવા જ સર્વમાન્ય નેતા હતા. રૂપાણીને સંગઠનનું ગણતરીપૂર્વક સુકાન સોંપવાનો નિર્ણય કેટલો કારગત નીવડશે એ તો સમય જ કહેશે!

## હિંદ સ્વરાજની પ્રસ્તાવનામાં ગાંધી લખે છે જયારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે !!



**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

ગોપાળકૃષ્ણ ગોખલેએ હિંદ સ્વરાજની કૃતિને 'આ મૂરખ માણસની કૃતિ છે.' એમ કહીને એક સમયે નવાજી હતા. પણ કૃતિ સંબંધેની આ નવાજેશ ગાંધીએ શબ્દસઃ સ્વીકારીને હિંદ સ્વરાજના પુનઃમુદ્રણમાં આ વડીલ મિત્રની વાતને પણ સંદેશારુપે મૂકી હતી. ગતાંકે હિંદ સ્વરાજ વિશે આપણે જોઈ ગયા હતા. આ અંકમાં આ પુસ્તકની સામગ્રી - પ્રકરણોની વાત કરવી છે.

મોહનદાસ કરમચંદ ગાંધી ૧૯૦૯માં ફિલડોનન કેસલ, ૨૨ નવેમ્બરે આ પુસ્તક વિશે લખે છે 'ઈન્ડિયન ઓપિનિયન' ના ગુજરાતી ધરાક આઠસેંને આશરે છે. ધરાક દીઠ દસ જણ ઓછામાં ઓછા તે છાપું રસપૂર્વક વાંચે છે એમ મેં અનુભવ્યું છે. જેઓ ગુજરાતી નથી જાણતાં તેઓ બીજા પાસે વંચાવે છે, આવાં ભાઈઓને મારી પાસે હિંદની દશા વિશે બહુ સવાર કર્યા છે એવાં સવાલ જ મારી પાસે વિલાયતમાં થયા. તેથી મને લાગ્યું કે જે વિચારો મેં આમ ખાનગીમાં બતાવ્યાં તે મારે જાહેરમાં મૂકવાએ દોષિત નહીં ગણાય.

પ્રસ્તાવનામાં ગાંધી લખે છે આ વિષય ઉપર મેં વીસ પ્રકરણ લખ્યાં છે તે વાંચનાર આગળ મૂકવાની હિંમત કરું છું. 'જયારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે. બહુ વાંચ્યું, બહુ વિચાર્યું, વિલાયતમાં ટ્રાન્સવાલ ડેપ્યુટેશન સારું ચાર માસ રહ્યો તે મુદતમાં મારાથી બન્યા તેટલા હિંદીની સાથે વિચાર કર્યા, બન્યાં તેટલાં અંગ્રેજોને પણ મળ્યો. જે મારા વિચાર છેવટના લાગ્યા તે વાંચનારની પાસે મૂકવા એ મારી ફરજ સમજ્યો.'

વાચકોને સમજાવી શકાય એ માટે સરળતા ખાતર હિંદ સ્વરાજ પુસ્તકમાં લખાણ વાચક અને અધિપતિ વચ્ચે સંવાદ હોય એવા રૂપમાં આપ્યું છે. તેમાં દર્શાવેલા વિચારો બાબતે ગાંધી સ્પષ્ટ કરે છે કે 'હિંદ સ્વરાજ'માં પુસ્તકમાં જે વિચારો બતાવ્યા તે મારા છે, ને મારા નથી, તે વિચારો મારા છે કેમ? તેવું દર્શાવતા બેરિસ્ટર મિ. ગાંધી દલીલ કરે છે કે તે મારા છે, કેમ કે તે પ્રમાણે વર્તન કરવાની મારી ઉમેદ છે; તે મારા આત્મામાં ઘડાઈ ગયા જેવા છે. ઉમેદ છે; તે મારા આત્મામાં ઘડાઈ ગયા જેવા છે. વિચાર મારા નથી - એ સામે સમજાવતાં બેરિસ્ટર સાહેબ દલીલ આગળ ધરે છે. વિચારો મારા નથી કેમ કે તે મેં જ વિચાર્યા છે એમ નથી; તો કેટલાંક વિચારો પુસ્તકો વાંચ્યા પછી બંધાયેલા છે, મનમાં જે ઊંડુ ઊંડુ જોતો હતો તેને પુસ્તકોએ ટેકા આપ્યો છે.

જે વિચારો વાંચનાર પાસે રજૂ કરું છું તે હિન્દુસ્તાનમાં સુધારાની ધૂનમાં નહીં આવેલા ઘણાં હિન્દી ધરાવે છે, એ તો કંઈ સાબિત કરવા જેવું રહેતું નથી. પણ તે જ વિચારો યુરોપના હજારો માણસો ધરાવે છે એ હું વાંચનારના મનમાં મારા પુરાવાથી જ ઠસાવવા માગું છું. જેને તે શોધ કરવી હોય, જેને તેવો અવકાશ હોય, તે માણસ તે પુસ્તકો જોઈ શકાશે.

પુસ્તકનો ઉદ્દેશ માત્ર દેશની સેવા કરવાનો, ને સત્ય શોધવાનો, ને તે પ્રમાણે વર્તવાનો છે. એટલે જ પોતાના વિચારો ખોટા નીવડે તો પણ તેને પકડી રાખવાનો મને આગ્રહ નથી એવું સ્પષ્ટ કરતાં ગાંધી કહે છે જો તે સાચા નીવડે તો તે પ્રમાણે બીજાઓ કરે એમ દેશના હિતાર્થે સાધારણ લાગણી રહેશે.

ગાંધીજી તેમનો વિરોધી સાથે પણ વાતચીત કરીને તેનો વિરોધ સમજવા અને પોતાની વાત સતત સામેના છેડાવાળી વ્યક્તિને સમજાવવા પ્રયત્ન કરતો. સંવાદ જરુરી છે સંઘર્ષ ટાળવા અને સત્ય સમજવા એમ માનતા ગાંધીના 'હિંદ સ્વરાજ' પુસ્તકમાં તેમના વિદેશ રોકાણ સમયે જે કેટલાંક કટ્ટર અરાજકતાવાદીઓ હતા તેમની સાથે પણ તેમને વાતચીત કરી હતી જેનો વાર્તાલાપ પણ તેમણે વાચક - આધિપતિના સંવાદ સાથેના 'હિંદ સ્વરાજ' પુસ્તકના વીસ પ્રકરણોમાં સમાવ્યો છે.

હિંદ સ્વરાજના પુસ્તકમાં સમાવિષ્ટ વીસ પ્રકરણો આ મુજબ છે :

વીસ પ્રકરણો આ મુજબ છે :

(૧) કોંગ્રેસ અને તેના કારભારીઓ (૨) બંગાળના ભાગલા (૩) અશાંતિ અને અસંતોષ (૪) સ્વરાજ તે શું? (૫) ઈંગ્લેન્ડની સ્થિતિ (૬) સુધારાનું દર્શન (૭) હિન્દુસ્તાન કેમ ગયું? (૮) હિંદુસ્તાનની દશા (૯) હિંદુસ્તાનની દશા - રેલવેઓ (૧૦) હિન્દુસ્તાનની દશા - હિંદુ-મુસલમાન (૧૧) હિન્દુસ્તાનની દશા - વકીલ (૧૨) હિન્દુસ્તાનની દશા - દાકતર (૧૩) ખરો સુધારો શું? (૧૪) હિંદ કેમ છૂટે -(૧૫) ઈટાલી અને હિંદ (૧૬) દારૂગોળો (૧૭) સત્યાગ્રહ - આત્મબળ (૧૮) કેવળણી (૧૯) સંચાકામ (૨૦) છૂટકારો.

**(લેખક - ગુજરાત કોલેજ અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

## શિક્ષકના વાણી, વર્તન અને વ્યવહાર પર વિદ્યાર્થીઓની ચાંપતી નજર હોય છે



ઢીલા ઢીલા ધોતીયાં ને
વીલાં વીલાં મો
રખે ને તમે
માસ્તર હો...!

શાળાનું એક સામાન્ય દૃશ્ય : તાસ પૂરો થાય કે શિક્ષકની સાથે કેટલાક વિદ્યાર્થીઓ પણ વર્ગની બહાર નિકળી શિક્ષકને પ્રેમથી ઘેરી વળતાં હોય છે. તેમાંના કેટલાંક પ્રશ્નો માટે તો કેટલાંક પોતાની અંગત મૂંઝવણ કહેતાં હોય છે. આ દૃશ્ય જોવું એક લ્હાવો છે. ત્યારે સમજવું કે એ શિક્ષક પોતાની કર્તવ્યનિષ્ઠા અને પરિશ્રમથી શિક્ષકત્વને પામ્યો છે.

તે દિવસે પણ એવું જ થયું. એક અણિયાળો સવાલ પૂછાયો, ''સાહેબ, શિક્ષકનું કર્તવ્ય શું?'' આ સવાલને લઈ પ્રોફેસર વિચારે ચઢયા. ગુજરાતની એક જાણિતી સંસ્થામાં શિક્ષકો અંગેનો એક સેમીનાર હતો. કેટલીક ઉત્તમ સંસ્થાઓ પોતાના ખર્ચે શિક્ષકો માટે આ પ્રકારના પ્રેરણાત્મક અને જ્ઞાનવર્ધક સેમિનારો ગોઠવતી હોય છે. એમાંનું એક સેશન પૂરું કરી પ્રોફેસર સ્ટાફ રૂમ તરફ જતાં હતાંને એક શિક્ષકે-હિમાંશુએ સવાલ કર્યો. હિમાંશુ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઊંડાણના ગામનો કર્મઠ શિક્ષક.

ખરેખર શિક્ષકનું કર્તવ્ય શું હોઈ શકે? આ પ્રશ્નએ પ્રોફેસરના મન-મગજનો કબ્જો લઈ લીધો. અભ્યાસક્રમ પૂરો કરવો? બાળકોને ભણાવી નાખવા? ઘડતર કરવું? બાળકોને સારા નેતા બનાવવા? સારા સંસ્કાર આપવા? બાળકોને વિનય અને વિવેક શીખવાડવા? વિચારોની હારમાળા વચ્ચે પ્રોફેસરનો મોબાઈલ રણકયો. કોણ? 'સાહેબ, હું કમલેશ'. કમલેશ સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારની શાળામાં શિક્ષક તરીકે જોડાયો હતો. કમલેશે કહયું. ''આ જે હું મામલતદારનો ઓર્ડર લેવા જવાનો છું. આપે એકવાર કલાસમાં કહેલું કે આવેલ મુશ્કેલીને પડકાર સમજી તેનો સામનો કરો તમને નડેલા પથ્થરને પગથિયું બનાવો. સર, આજે જીપીએસસી કલીયર કરી હું મામલતદાર બનવા જઈ રહયો છું. આપના આશીર્વાદ માટે ફોન કર્યો છે.'' કમલેશ એકી શ્વાસે બધુ બોલી ગયો. વર્ષો પહેલાં વર્ગખંડમાં કહેલી વાત પ્રોફેસર ભૂલી ગયેલા. સ્મરણશકિત કામે લગાડતા કમલેશનો ચહેરો તેમની સામે તરવરી રહયો. કમલેશ કયારેક પોતાની માતાને કામમાં મદદ કરવા જતો. મા લોકોના ઘરે કચરા-પોતાં કરતી. આજે આ બાપ વગરનો દિકરો મામલતદાર બનવા જઈ રહયો હતો. કમલેશની બા ની આંખમાં આવેલા હર્ષના આંસુ એ પ્રોફેસરની કમાણી હતી. વર્ગખંડમાં ચર્ચા દરમિયાન કઈ વાત, કયા વિદ્યાર્થીને, કયારે, કઈ રીતે અસર કરી જાય, તે કહી શકાય નહી. શિક્ષક હંમેશા વિદ્યાર્થી માટે ભાગ્યવિધાતાની ભૂમિકા ભજવનાર વિશેષ વ્યકિત બની રહે છે.

વર્ગખંડમાં ચાલીસ-પચાસ વિદ્યાર્થીઓ પૈકી માત્ર બે થી ત્રણ વિદ્યાર્થીઓ ને ધ્યેય આપી શકે તો પણ શિક્ષકનું શિક્ષકત્વ સોળે કળાએ ખીલી ઉઠે છે.

શિક્ષકે આવા વિદ્યાર્થીઓ માટે નિચોવાઈ જવાનું, ખાલી થઈ જવાનું અને સતત પ્રેમનો અભિષેક કરવાનું કર્તવ્ય દાખવવાનું હોય છે. કેટલાક નિષ્ઠાવંત શિક્ષકો વર્ગખંડની ચાર દિવાલની બહાર, અભ્યાસક્રમની બહાર, કેટલાક જીજ્ઞાસુ વિદ્યાર્થીઓને પડકારની કેળવણી આપતા હોય છે. આ ઉમદા કર્મ માટે શિક્ષક પોતે જ્ઞાન-કૌશલ્યથી ભરપૂર હોય, રોજે રોજ નવું શીખતો અને વાંચતો હોય એ અનિવાર્ય છે.

પ્રોફેસરના મનમાં હજી પેલો પ્રશ્ન ઘુંટાતો જતો હતો. 'શિક્ષકનું કર્તવ્ય શું?' કેટલાક શિક્ષકો નીમ-પાગલ હોય છે જેઓ શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન કરે છે. શિસ્તની સાથે વિનયની વાત કરે છે. વિદ્યાર્થીને 'ખાલી વાસણ' સમજવાની ભૂલ કરવા જેવી નથી. પરંતુ વિદ્યાર્થીને એક સુંદર અને ચોકકસ વાતાવરણ પૂરું પાડવા કટિબધ્ધ હોય છે. શિક્ષકના વાણી, વર્તન અને વ્યવહાર પર વિદ્યાર્થીઓની ચાંપતી નજર હોય છે.



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડૉ. સંતોષ દેવકર

નિરીક્ષણથી શીખતા વિદ્યાર્થીઓ સુફીયાણી સલાહના મોહતાજ નથી હોતા. 'કહે કંઈ ને કરે કંઈ' વાળા શિક્ષકો સમયાંતરે વિદ્યાર્થીઓનો આદર ગુમાવતા રહે છે. ચાલુ કલાસે વિદ્યાર્થીઓ સમક્ષ તમાકુ ચોળતા લલ્લુ શિક્ષકને કાઢી મુકવાનો કોઈને અધિકાર ખરો? પૂર્વ તૈયારી વગર વર્ગમાં ઘુસી જતા શિક્ષકો વિદ્યાર્થીઓને માથે પડતા હોય છે.

વિદ્યાર્થી જાતે શીખે તે માટે કેટલાક નીમ-પાગલ શિક્ષકો ભારે મગજમારી કરે છે. જાતજાતની પઝલોને ભાત-ભાતનાં કોયડાઓ વિદ્યાર્થી સમક્ષ મૂકતાં હોય છે. ખેતરમાં લઈ જઈને છોડનું જાત નિરીક્ષણ કરાવનારા ભડ શિક્ષકો જોયા છે. 'મેળો' પાઠ શીખવાડતાં પહેલાં પોતાના ગાંઠના ખર્ચે બાળકોને મેળામાં લઈ જતાં ને ચકડોળમાં ઉંચકીને બેસાડતાં પાગલ શિક્ષકો ય જોયા છે. વિદ્યાર્થી સાચી વાત માટે ઠપકો આપેને પછીથી પીઠ પસવારતાંય જોયા છે. પોતાની શાળા જંગલમાં હોય છતાં જંગલમાં મંગલ કરતાં જોયા છે.તેમને કોઈ પ્રત્યે કોઈ પ્રકારની ફરિયાદ નથી હોતી.

આ શિક્ષકો બરાબર જાણે છે કે ભણાવી તો શકાય પણ સાથે સાથે વિદ્યાર્થીમાં કંઈક ઉગાડી શકાય તો શિક્ષણ સાર્થક બને. મુખપર હાસ્ય રાખી હંમેશા પ્રસન્ન રહેતાં શિક્ષકો પ્રભુએ વિદ્યાર્થીઓ માટે મોકલેલા ફરિશ્તાઓ છે.

(આવતા અંકે પુરું)

**મિસરી**

*અદબ-પલાંઠી*
*મોં પર આંગળી*
*એટલે*
*શિસ્ત?*
*તમે માનશો?*

## આવો કરીએ વસંત વધામણા ભૂલી અતીત!



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્યસભાનો વાર્ષિકોત્સવ

શાયર રૂશ્વા મઝલૂમી અને શાયર અમૃત ઘાયલ શતાબ્દિ વંદના અંતર્ગત, ગાંધીનગર સાહિત્યસભાનો વાર્ષિકોત્સવ, ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧.૨.૨૦૧૬ને રવિવારના રોજ, સવારના ૧૦.૦૦ કલાકે, બ્રહ્માણી કૃપા હૉલ, કડી કેમ્પસ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. જેના સાહિત્યિક પરિસંવાદ કાર્યક્રમની રુપરેખા નીચે મુજબ છે. સભ્યશ્રીઓએ અને આમંત્રિતોએ ઉપસ્થિત રહેવા વિનંતી.

કાર્યક્રમ અંતર્ગત સવારે ૧૦ વાગ્યાથી રજિસ્ટ્રેશનનો આરંભ થશે. ૧૦.૩૦થી ૧૧.૩૦ દરમ્યાન ઉદ્ઘાટન યોજાશે. ઉદ્ઘાટક તરીકે પ્રસિધ્ધ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, અતિથિ વિશેષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જ્હા ઉપસ્થિત રહેશે. સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ સ્વાગત પ્રવચન કરશે અને ઉપપ્રમુખ નટવર હેડાઉ સંસ્થા પરિચય રજૂ કરશે. મહેમાનોનો પરિચય મંત્રી સંજય થોરાત આપશે. ૧૧.૩૦ વાગ્યાથી પ્રથમ બેઠકનો આરંભ થશે, જેમાં સાહિત્યકાર, કટાર લેખક વી ઍસ ગઢવી શાયર રુશ્વા મઝલુમી શતાબ્દિ વંદના વિષયે તથા શાયર અમૃત ઘાયલ જીવન અને કવન વિષે વિવેચક નિસર્ગ આહિર વક્તવ્ય આપશે. આભારવિધિ સાહિત્યસભાના ઉપપ્રમુખ સુરેશચંદ્ર ભટ્ટ કરશે.

બપોરે ૧.૩૦થી ૨.૩૦ દરમ્યાન ભોજન વિરામ, ત્યારબાદ બપોરે ૨.૩૦થી ૪.૩૦ દરમ્યાન દ્વિતિય બેઠક આરંભાશે. અશોક હર્ષ શતાબ્દિ વંદના વિષયે દોલત ભટ્ટ અને દલિત સાહિત્યની વિભાવના વિશે પ્રવીણ ગઢવી વક્તવ્ય આપશે. સંચાલન સાહિત્ય સભાનાં ટ્રસ્ટી પ્રજ્ઞા પટેલ કરશે તથા આભારવિધિ મંત્રી મૂળજીભાઈ પરમાર કરશે. આ પ્રસંગે ચિત્રસેન શાહ લિખિત પુસ્તક 'હાસ્યનું મેઘધનુષ'નું લોકાર્પણ પણ યોજવામાં આવશે.

વૃત્તસંચય

ગુજરાતના જાણીતા સર્જક-ચિંતક-પદ્મશ્રી ડૉ. ગુણવંત શાહને સાહિત્ય અકાદમીના લાઈફ ટાઈમ ઍચિવમેન્ટ એવોર્ડ સમા 'સાહિત્યરત્ન' ખિતાબથી સૌ પ્રથમ નવાજવામાં આવ્યો છે થોડાક જ દિવસો પૂર્વે તેઓશ્રીના ગ્રંથ 'મહાભારત : માનવ સ્વભાવનું મહાકાવ્ય' પ્રગટ થયો છે, જે એક મોટો યોગાનુયોગ છે. ગાંધીનગર સાહિત્યસભા તરફથી તેઓશ્રીને શુભેચ્છાઓ પાઠવવામાંઆવી હતી.

- સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા અપાતા એવોર્ડમાં વર્ષ ૨૦૧૫નો એવોર્ડ સાહિત્યકાર રસિક શાહને તેએનો નિબંધ સંગ્રહ 'અંતે આરંભ' ભાગ ૧-૨ માટે આપવામાં આવશે.
- ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તથા આર્ટ્સ, કોમર્સ એન્ડ કોમ્પ્યુટર કૉલેજ, માણવદરના સંયુક્ત ઉપક્રમે માણાવદર ખાતે 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નવલકથામાં નારી નિરુપણની બદલાતી તાસીર' વિશે પરિસંવાદ યોજાઈ ગયો. જેનું ઉદ્ઘાટન સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણે કર્યુ હતું. અધ્યક્ષસ્થાને મહિલા આયોગના ઉપાધ્યક્ષ જયોતિબેન વાછાણી અને મુખ્ય મહેમાન તરીકે નિયામક વિકસતી જાતિ - કે.જી. વણઝારા ઉપસ્થિતિ રહ્યા હતા. આચાર્યશ્રી ડૉ. મહેશ મેતરાએ શાબ્દિક સ્વાગત કરી, શ્રીમતી સંગીતાબેન તાવિયાડે ભૂમિકા બાંધી હતી. ડૉ. નિસર્ગ આહિરની અધ્યક્ષતામાં ડૉ. નયનાબેન અંટાળાએ 'મીરા યાજ્ઞિકની ડાયરી' અને ડૉ. ચેતનાબેન પાણેરીએ 'સમયદ્વીપ' અને 'કાદંબરીની મા' માં નારી પાત્રોની તુલના વિષે વકતવ્યો આપ્યા હતા. જયારે ડૉ. જે. એમ. ચંદ્રવાડિયાના અધ્યક્ષપદેથી બેઠકમાં 'બત્રીસ પૂતળીની વેદના'માં વ્યક્ત થતી નારી સંવેદના વિષે ડૉ. રમેશ મહેતાએ અને 'આંગળિયાત નવલકથામાં' 'દલિત નારીની કથા' વિશે ડૉ. જીવરાજ પારધીએ વ્યક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપના દિને તા. ૨.૧.૨૦૧૬ના રોજ યોજાયેલ કાર્યક્રમમાં અમર ભટ્ટે જહોન કાર્ડિનલ ન્યુમેનની રચના જેનો ગુજરાતી અનુવાદ નરસિંહ રાવ દિવેટયાએ કર્યો છે તે 'પ્રેમળ જયોતિ તારો દાખવી, મુજ જીવન પંથ ઉજળનું ગાન કર્યું હતું તથા રામદાસજીનું કાવ્ય, તુકારામ અભંગ, કવિ ઝો એ એકીન્સની રચના, રાહત, ઈન્દોરીની રચનાઓ અને ઉમ્મર ખયામની રુબાઈઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત ગુજરાતી સાહિત્યના જાણીતા નવલકથાકાર, વાર્તાસર્જક અને નિબંધકાર વીનેશ અંતાણીએ 'મારા અનુભવો, મારું સર્જન' વિશે વાત કરી હતી.
- વડૉદરાના સાહિત્યકાર સતીશ ડણાકનો અમૃતમહોત્સવ કવિ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાના અધ્યક્ષપદે યોજાઈ ગયો જેમાં સતીશ ડણાક વિશેના ૬૫ જેટલા અભ્યાસ લેખોનો અભિવાદન ગ્રંથ 'શબ્દે શબ્દે પીગાળ્યા', સમગ્ર કવિતાના સંચય 'સિગ્નેચર' અને 'સતીશ ડણાક વ્યક્તિત્વ અને સર્જકતા' નામના ડૉ. અજય રાઠોડના પીએચ.ડી. માટેના શોધનિબંધનું વિમોચન કરવામાં આવ્યું. સમારંભના મુખ્ય મહેમાન તરીકે પધારેલ અમેરિકા સ્થિત ડાયસ્પોરા સર્જક ડૉ. હસમુખ પટેલ 'શૂન્યમ્' દ્વારા સતીશભાઈ સાથેની સર્જક મથામણની સ્મૃતિ તાજી કરી જયારે બીજા મુખ્ય મહેમાન કવિ - સંપાદક ડૉ. મધુ કોઠારીએ ચાર દાયકા જૂની સ્મૃતિઓ તાજી કરતા જણાવ્યું કે, તેમની શબ્દસાધના ગુજરાતી ભાષાનું ગૌરવ વધારનારી છે જયારે જાણીતા વાર્તાકાર અને દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રવીણ ગઢવી એ કહ્યું કે અનેક વાર્તાકારોને લખતા કરનાર સતીશભાઈએ 'જલારામદીપ' માસિકના સંપાદક દ્વારા વાર્તાલેખકોને પ્રોત્સાહન આપવાનું મોટું કામ કર્યું છે. પ્રમુખ સ્થાનેથી બોલતાં ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે સતીશભાઈના જીવનમાંથી સૌહાર્દ અને નવા સર્જકોને માર્ગદર્શન આપવાની ભાવના શીખવા જેવી છે. આચાર્ય ડૉ. કુમાર જૈમિની શાસ્ત્રીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતુ.
- ગાડી રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડાયસ્પોરા સ્ટડીઝ 'ગ્રીડ્સ' ગુજરાત સાહિત્ય અકાદમી અને અંગ્રેજી ભવન, સૌ. યુનિ. રાજકોટ સંયુક્ત ઉપક્રમે ગુજરાતી ડાયસ્પોરા વાર્તાકારો સાથે સંવાદ યોજાઈ ગયો. આ પ્રસંગે અમેરિકાના લબ્ધપ્રતિષ્ઠિત વાર્તાકાર 'નીલેશ રાણાનું વાર્તા વિશ્વ' તથા નવોદિત વાર્તાકાર વિનોદ પટેલના વાર્તાસંગ્રહો 'ટહુકાનો આકાર' તથા 'લીટલ ડ્રીમ્સ' નું લોકાર્પણ થયું.

**દધિ બિંદુ**

વાનરના હૂપાહૂપ-કર્કશ અવાજ તરફ ન જોતાં, મંઝિલ માટેની તેની સાહસિકતા ભરી ફાળ-છલાંગને જીવનમાં ઉતારીએ.

**દધિ હાઈકુ**

| | | |
|---|---|---|
| આવો કરીએ | વાય વાસંતી | સુમન મ્હેંકી |
| વસંત વધામણાં, | સૂસવાટે; જાણે | ભીને હૃદય કમલે |
| ભૂલી અતીત! | વેણુ વાગતી! | ભ્રમરપ્રેમી! |

- muljibhaidadhi@gmail.com